# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 12-04-2025** **Morning : 7.10 to 7.20**
**Day : SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

---

1. **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે આણંદ જિલ્લાના પેટલાદ ખાતે રેલવે ઓવરબ્રિજનું લોકાર્પણ કરશે.**
2. **મુખ્યમંત્રીએ લોકોને કેચ ધ રેન, એક પેડ મા કે નામ, સ્વચ્છ ભારત જેવા અભિયાનમાં જોડાવા અપીલ કરી.**
3. **કુલ 61 લાખથી વધુ વિદ્યાર્થીઓ આજે મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરિટ સ્કોલરશીપ માટેની પરીક્ષા આપશે.**
4. **આજે દેશભરમાં હનુમાન જન્મોત્સવની ધામધૂમથી ઉજવણી થઈ રહી છેઃ સુંદરકાંડનાં પાઠ અને વિશેષ પૂજાનું આયોજન.**
5. **આજે લખનૌમાં ગુજરાત ટાઇટન્સ અને લખનૌ સુપર જાયન્ટ્સ વચ્ચે મુકાબલો.**

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# CM ANAND VISIT

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે આણંદ જિલ્લાની મુલાકાતે આવશે. શ્રી પટેલ પેટલાદ કોલેજ ચોકડી પાસે ૩૧ કરોડ રૂપિયાનાં ખર્ચે તૈયાર થયેલા રેલવે ઓવરબ્રિજનું લોકાર્પણ કરશે.

મુખ્યમંત્રીની મુલાકાતને ધ્યાનમાં લઇ જિલ્લા વિકાસ અધિકારી અધિકારી સુશ્રી દેવહૂતિના અધ્યક્ષસ્થાને કાર્યક્રમના આયોજન અંગે બેઠક યોજાઈ હતી.

# CM TV CHANNEL PROGRAMM

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, વરસાદના એક-એક ટીપાંને બચાવવા માટે ગુજરાતના દરેક જિલ્લામાં અમૃત સરોવરોનું નિર્માણ કરવામાં આવ્યું છે. એક ખાનગી ટીવી ચેનલના કાર્યક્રમમાં મુખ્યમંત્રીએ લોકોને કેચ ધ રેન, એક પેડ મા કે નામ, સ્વચ્છ ભારત અને મેદસ્વિતા મુક્ત ભારત જેવા અભિયાનમાં જોડાવા અપીલ કરી હતી.

શ્રી પટેલે જણાવ્યું કે, રાજ્ય સરકાર દ્વારા હાલમાં ગેરકાયદેસર બાંધકામ તોડી પાડવામાં આવી રહ્યા છે, જેથી સમાજ, રાજ્ય અને રાષ્ટ્રનો વિકાસ કરી શકાય તેમજ ગેરકાયદેસર રહેણાંક વિસ્તારોમાં રહેતા લોકો માટે અન્ય સુવિધાઓ ઊભી કરી શકાય. આ કાર્યક્રમમાં સહકાર મંત્રી શ્રી જગદીશ વિશ્વકર્મા પણ ઉપસ્થિત રહ્યા હતા.

# CHHOTAUDEPUR- KHATMUHRT

છોટાઉદેપુરની ઝોઝ જિલ્લા પંચાયતના વિવિધ ગામની પ્રાથમિક શાળામાં આઠ કરોડ રૂપિયાથી વધુના કામનું ખાતમુહૂર્ત કરાયું. કુંભાણી ગામમાં કરાયેલા આ ખાતમુહુર્ત કાર્યક્રમમાં સાંસદ અને ધારાસભ્ય સહિતના અગ્રણી ઉપસ્થિત રહ્યા હતા. આ અંગે સાંસદ જસુ રાઠવાએ વધુ માહિતી આપી.

<u>(બાઈટ -જસુભાઈ રાઠવા, સાંસદ)</u>

# KNOWLEDGE CULTIVATION

ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા આજે મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરિટ સ્કોલરશીપ માટેની પરીક્ષા યોજવામાં આવશે. કુલ 61 લાખથી વધુ વિદ્યાર્થીઓએ પરીક્ષા માટે નોંધણી કરાવી છે. રાજ્યના 2500થી વધુ પરીક્ષા કેન્દ્રોમાં પરીક્ષા લેવાશે.

હવેથી આ પરીક્ષાનાં મેરિટનાં આધારે જ જ્ઞાનસાધના મેરિટ શિષ્યવૃતિ અને આદિજાતિ વિકાસ વિભાગ હેઠળની 74 આદર્શ નિવાસી શાળાઓમાં ધોરણ નવમાં પ્રવેશ આપવામાં આવશે.

# MAHISAGAR-POSHAN ABHIYAN

મહીસાગરના લુણાવાડા તાલુકાના મોતીઘોડા આંગણવાડી કેન્દ્રમાં સ્વચ્છતાની વિષયવસ્તુ સાથે પોષણ પખવાડિયાની ઉજવણી કરવામાં આવી. લુણાવાડા ઘટક ત્રણનાં ઈન્ચાર્જ C.D.P.O. વર્ષા પગીએ આ અંગે માહિતી આપી હતી.

## (બાઈટઃ વર્ષાબેન પગી)

# GANDHINAGAR FIRE

ગાંધીનગરના સેક્ટર 4માં ગઈ રાત્રે ઇલેક્ટ્રિક ડીપીમાં આગની જાણ થતાં, અગ્નિશમન દળ ઘટના સ્થળે પહોંચી હતી. આગ ને બુઝાવતાં સમયે જ બાજુમાં પડેલા ગેસના સિલેન્ડરમાં ધડાકો થતાં,અગ્નિશમન દળના ચાર કર્મચારીઓ ગંભીર રીતે દાઝી ગયા હતા.તેઓને તાત્કાલિક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જેમાંથી બે કર્મચારીઓને બર્ન આઇસીયુ સુવિધા માટે અમદાવાદ રિફર કરાયા હતા. હાલ તમામની હાલત સ્થિર હોવાનું જણાવાયું છે.

# Weather

હવામાન વિભાગે આગામી બે દિવસ રાજ્યના મહતમ તાપમાનમાં 02 થી 03 ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થવાની આગાહી છે. પવનની દિશા બદલાતા 15 થી 17 એપ્રિલ દરમિયાન ગુજરાત, સૌરાષ્ટ અને કચ્છમાં મહતમ તાપમાન 40 થી 44 ડિગ્રી સેલ્સિયસ રહેવાની સંભાવના છે. 15 એપ્રિલના રોજ બનાસકાંઠા, સાબરકાંઠા, કચ્છ ખાતે હીટવેવને પગલે યલો એલર્ટની અને16 અને 17 એપ્રિલે બનાસકાંઠા, સાબરકાંઠા, કચ્છ અને રાજકોટ ખાતે યલો એલર્ટની જાહેરત કરવામાં આવી છે.

છેલ્લાં 24 કલાક દરમિયાન કંડલા એરપોર્ટ, અમરેલી, રાજકોટ, સુરેન્દ્રનગર, અમદાવાદ તેમજ ગાંધીનગરમાં 43 ડિગ્રી સેલ્સિયસ મહત્તમ તાપમાન નોંધાયુ હતું. આ અંગે હવામાન ખાતાના નિયામક ડો. એ કે દાસે માહિતી આપી ..

## (BYTE: A.K.DAS HAVAMAN)

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

ગોન્ગ મ્યુઝિક

.................................

# BHAVNAGAR VARSHAD

ભાવનગર શહેર અને સમગ્ર ગોહિલવાડ પંથકમાં ગઈ કાલે ભારે પવન અને વીજળીના કડાકા સાથે વરસાદ પડ્યો હતો અને રસ્તા ઉપર પાણી ફરી વળ્યા હતા. કેટલાંક સ્થળોએ બરફના કરા પણ પડ્યા હતા. થોડાં સમય માટે વીજ પુરવઠો ખોરવાઈ ગયો હતો.

અચાનક વરસાદથી ગરમીથી રાહત અનુભવી હતી. શહેરમાં સાંજે વરસાદ શરૂ થયો ત્યારે લાઇટ પણ ગુલ થઈ ગઈ હતી. કમોસમી વરસાદથી કેસર કેરી સફેદ અને લાલ ડુંગળી સહિતનાં ઊભા પાકને નુકસાન જવાની ભીતિથી ખેડૂતો ચિંતામાં મુકાઈ ગયા છે.

# HANUMAN JANMOTSAV

આજે ચૈત્ર શુક્લ પક્ષ પૂર્ણિમાનાં રોજ દેશભરમાં હનુમાન જન્મોત્સવની ધામધૂમથી ઉજવણી થઈ રહી છે. આજે રાજ્યભરનાં હનુમાન મંદિરોમાં સુંદરકાંડનાં પાઠ અને વિશેષ પૂજાનું આયોજન કરવામાં આવ્યું છે. બોટાદ જિલ્લાના અમારા પ્રતિનિધી પ્રકાશ ભીમાણી જણાવે છે કે, સુપ્રસિધ્ધ સાળંગપુર ધામ ખાતે ગઈ કાલે નારાયણ કુંડથી શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી મંદિરના પ્રાંગણ સુધી કળશયાત્રા અને શોભાયાત્રા યોજાઈ હતી. આશરે ત્રણ લાખ ભક્તોએ હનુમાન દાદાના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

આજે સાળંગપુર ખાતે ત્રણથી ચાર લાખ ભાવિકોનાં આગમનને ધ્યાનમાં રાખીને સારંગપુર આવા જવા માર્ગમાં ફેરફાર કર્યો છે.

ભાવનગર જિલ્લાના અમારા પ્રતિનિધી સુરેશ ત્રિવેદી જણાવે છે કે, તલગાજરડા ખાતે આવેલા તીર્થ શ્રી ચિત્રકૂટ ધામ ખાતે આજે હનુમાન ચાલીસા, સુંદરકાંડ, સંગીતમય પાઠ અને આરતી સહિતનાં કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. જૂનાગઢ જિલ્લાના અમારા પ્રતિનિધી સંજીવ મહેતા જણાવે છે કે, જગન્નાથજી મંદિર,સોરઠીયા વાળંદ જ્ઞાતિની જગ્યા ખાતે કિષ્કિન્ધા સ્વરૂપ હનુમાનજીની અતિ પ્રાચીન મૂર્તિ આવેલી છે. આ પ્રકારની દક્ષિણામુખ હનુમાનજી ની મૂર્તિ સમગ્ર ભારતમાં ત્રણ જ સ્થળોએ છે. પ્રસ્તુત છે અમારા પ્રતિનિધીનો અહેવાલ...

<u>(VOICE CAST: SANJEEV MEHTA)</u>

# IPL Fan Park

IPL ક્રિકેટનો જોશ દેશભરના યુવાઓમાં જોવા મળી રહ્યો છે, ત્યારે દેશભરમાં 50 શહેરમાં આઇપીએલ મેચની લાઈવ સ્ક્રીનિંગ માટે ખાસ ફેન પાર્ક તૈયાર કરાયા છે. સમગ્ર રાજ્યમાં એક માત્ર,ખેડા જિલ્લાના નડિયાદ ખાતે આજે અને આવતીકાલે (આઇપીએલ) IPL ફેન પાર્ક -૨૦૨૫નું આયોજન કરવામાં આવ્યું છે. BCCI (બીસીસીઆઈ) અને ગુજરાત ક્રિકેટ એસોસિએશનના સહયોગથી નડિયાદ ખાતે આ IPL ફેન પાર્ક બનાવવામાં આવ્યો છે. આ પાર્કમાં ક્રિકેટ રસિયાઓ માટે સ્ટેડિયમ જેવી અનુભૂતિ કરાવતી મોટી સ્ક્રીનની સાથે ખાણીપીણીનું પણ આયોજન કરવામાં આવ્યું છે. આ અંગે બીસીસીઆઈના સિનિયર મેનેજરે આ માહિતી આપી.....

<u>(બાઈટ - અમીત સિદ્ધેશ્વર , સિનિયર મેનેજર, બીસીસીઆઈ ઓપરેશન ગ્રુપ મુંબઈ)</u>

# IPL CRICKET

IPL ક્રિકેટમાં આજે બપોરે સાડા ત્રણ વાગે લખનઉમાં ગુજરાત ટાઈટન્સનો મુકાબલો લખનઉ સુપર જાયન્ટ્સ સામે થશે, જ્યારે સાંજે સાડા સાત વાગે હૈદરાબાદમાં પંજાબ કિંગ્સ સનરાઇઝર્સ હૈદરાબાદ સામે ટકરાશે

દરમ્યાન ગઇકાલે ચેન્નાઈમાં કોલકાતા નાઈટ રાઈડર્સે ચેન્નાઈ સુપર કિંગ્સને આઠ વિકેટથી પરાજય આપ્યો હતો. પ્રથમ બેટિંગ કરતા, ચેન્નાઈ સુપર કિંગ્સે નિર્ધારિત 20 ઓવરમાં નવ વિકેટે 103 રન બનાવ્યા. કોલકાતા નાઈટ રાઈડર્સ તરફથી સુનીલ નારાયણે ત્રણ વિકેટ લીધી, જ્યારે વરુણ ચક્રવર્તી અને હર્ષિત રાણાએ બે-બે વિકેટ લીધી.

લક્ષ્યાંકનો પીછો કરતાં કોલકાતા નાઈટ રાઈડર્સે 11મી ઓવરમાં જ વિજયી લક્ષ્ય હાંસલ કરી લીધું. ઓપનર સુનીલ નારાયણે 18 બોલમાં 44 રન બનાવ્યા. ચેન્નાઈ સુપર કિંગ્સના અંશુલ કંબોજ અને નૂર અહેમદે એક-એક વિકેટ લીધી. સુનીલ નારાયણને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો.